ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



સીમા દવે
ફોન : ૨૩૨૬૦૫૬૨



મગનભાઈ એમ પરમાર
મો. ૯૯૨૫૮ ૧૧૩૩૮



અરૂણાબેન જોષી
મો. ૯૭૨૬૯ ૯૨૭૩૭



ખ્યાતિ વાસુદેવ ત્રિવેદી
મો. ૯૦૯૯૫ ૬૦૫૮૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક







કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ દ્વારા પર્યાવરણ જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે પોસ્ટર મેકિંગ સ્પર્ધા અને ફાયર સેફ્ટી અંગેની માહિતી તથા તે અંગે પ્રત્યક્ષ તાલીમ નિદર્શન પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ મિલી સિંઘના માર્ગદર્શનમાં સમગ્ર કાર્યક્રમમાં સ્કૂલના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજના પ્રા. મેહુલ પટેલ પીએચડી થયા



ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે ફરજરત પ્રા. મેહુલ અશ્વિનકુમાર પટેલને કડી સર્વ વિશ્વવિદ્યાલય તરફથી પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

પ્રા. મેહુલ પટેલે 'એ કંપેરીટીવ સ્ટડી ઑફ રીટર્ન ઑન ઈન્વેસ્ટમેન્ટ ઍન્ટ ઈકોનોમિક વેલ્યૂ ઍડેડ ઑફ સિલેક્ટેડ યુનિટ્સ ઑફ કૉર્પોરેટ્સ : એ કેસ સ્ટડી' વિષયે ડૉ. એ જે સરવૈયા, સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલા મહાશોધ નિબંધને કડી સર્વ વિદ્યાલયે માન્યતા આપી તેમને આ પદવી એનાયત કરી છે.

કૉલેજ પરિવારે તેમની આ સિદ્ધિને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા છે તથા ગાંધીનગરના શિક્ષણ જગત તરફથી પણ તેમના તરફ અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

# સારા વરસાદ માટે પ્રાર્થના સાથે ગાયત્રી જયંતીની ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાયત્રી જયંતી અને ગાયત્રી પરિવારનાં સંસ્થાપક પં.શ્રીરામ શર્મા આચાર્યજીની પુણ્યતિથિની મંગળવારે રાજ્યભરમાં ખૂબ જ ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ખાસ કરીને રાજ્ય સહિત દેશભરમાં સારો વરસાદ થાય તે માટે ગાયત્રી યજ્ઞમાં વિશિષ્ટ આહુતિ આપવામાં આવી હતી. બીજી તરફ દીપયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને વિશ્વભરમાંથી આતંકવાદી પ્રવૃત્તિઓ શાંત થાય અને કુદરતી આપત્તિ આવતી અટકે તે માટે પણ ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી.

ગુજરાતભરમાં ગાયત્રી પરિવારનાં ૨૫ લાખથી વધુ પરિજનોએ આ ઉજવણી કરી હતી અને રાજ્યભરમાં આવેલા ૩૫૦થી વધુ શક્તિપીઠ-પ્રજ્ઞાપીઠ ખાતે આ દિવસે ગાયત્રી યજ્ઞ, પૂજન, સામૂહિક ગાયત્રી મંત્રજાપ, ગાયત્રી ચાલીસા પઠનની સાથે વિશિષ્ટ આયોજન થયા હતા. આ અંગે ગાયત્રી પરિવાર-ગુજરાત ઝોનનાં ઈન્ચાર્જ રાજુભાઈ દવેએ જણાવ્યું હતું કે ગાયત્રી પરિવારના મુખ્ય મથક શાંતિકુંજ-હરિદ્વાર ખાતે ગાયત્રી જયંતીની ત્રણ દિવસીય ઉજવણીની મંગળવારે પૂર્ણાહુતિ થઈ હતી. સાથે જ ગુજરાતમાં પણ ગાયત્રી પરિવારનાં સંસ્થાપક, પં.શ્રીરામ શર્મા આચાર્યજીની પુણ્યતિથિની ઉજવણી થઈ હતી. અમદાવાદ પૂર્વ વિસ્તારની ઈન્ડિયા કોલોની ખાતેના લક્ષ્મીનારાયણ મંદિર-રાજલક્ષ્મી સોસાયટી ખાતે ગાયત્રી મહિલા મંડળ દ્વારા ગાયત્રી મહામંત્રના પાંચ કલાકનાં અખંડ જાપ બાદ દીપ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, એમ મંડળના રમિલાબેને જણાવ્યું હતું. મિત્રમિલન સોસાયટી-મિરામ્બિકા-નારણપુરા ખાતે પણ ગાયત્રી મહાયજ્ઞ અને ગુજરાત સહિત દેશભરમાં સારો વરસાદ થાય તે માટે વિશિષ્ટ આહુતિ આપવામાં આવી હતી. ખાસ કરીને બધાની સુખ-સમૃદ્ધિમાં વધારો થાય તે માટે પણ 'સર્વજન સુખાય' વિશિષ્ટ પ્રાર્થના પણ કરવામાં આવી હતી, એમ કનુભાઈ પટેલે જણાવ્યું હતું. જ્યારે બુધવારે વેધશાળા પાર્ટી પ્લોટ, નારણપુરા રેલવે ક્રોસિંગ પાસે દીપયજ્ઞ અને પં.શ્રીરામ શર્મા આચાર્યજીની પુણ્યતિથિ નિમિત્તે ગુરુગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજ્યનાં ૬ શહેરોમાં શાસ્ત્રીય નૃત્ય મહોત્સવનું આયોજન

## યુવા નૃત્યકારો માટે કલા પ્રદર્શનની સુંદર તક

ગાંધીનગર, તા. ૧૫

લોક સંગીત, લોકસાહિત્ય અથવા લોકનૃત્યોની જેમ શાસ્ત્રીય નૃત્યને પણ મુખ્ય પ્રવાહમાં લાવવાના હેતુથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા આગામી જુલાઈ મહિનામાં 'કલ કે કલાકાર' શાસ્ત્રીય નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત રાજ્યના છ મુખ્ય શહેરોમાં શ્રેષ્ઠ કલાકારો દ્વારા શાસ્ત્રીય નૃત્યની રજૂઆત કરશે. આ અંગે વાત કરતાં સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવીએ જણાવ્યુ હતું કે, સમગ્ર ગુજરાતના ૧૫ અનુભવી નૃત્યગુરુઓની એક કમિટી બનાવવામાં આવી છે. ૧૭થી ૨૫ વર્ષની ઉંમર અને આરંગેત્રમ, નૃત્યવિષારદ અથવા ૬ વર્ષની કોઈ પણ શાસ્ત્રીય નૃત્યની તાલીમ લીધી હોય તેવા સ્પર્ધકોને આ મહોત્સવ માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. તેમના માટે અમદાવાદના જ રવિશંકર રાવળ કલા ભવન ખાતે ચાર દિવસના ઓડિશન્સ યોજાશે. જેમાં ત્રણ કે ચારની પેનલમાં સમિતિની સભ્યો હાજર રહીને નિર્ણાયકની ભૂમિકા નિભાવશે. આ કમિટીના સભ્યો ઓડિશન દ્વારા ૧૮ શ્રેષ્ઠ કલાકારોની પસંદગી કરશે.

પસંદ થયેલા ૧૮ કલાકારોમાંથી ત્રણ-ત્રણ કલાકારો સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, જામનગર અને ભૂજમાં નૃત્ય પ્રસ્તુતિ કરશે. શાસ્ત્રીય નૃત્યની દરેક વિદ્યાઓ - ભરતનાટ્યમ, કથક, મોહિનીઅટ્ટમ, કુચીપુડી, ઓડિસી વગેરેને આવરી લેવાશે.

મહોત્સવ કમિટીમાં અમદાવાદમાંથી શીતલ બારોટ, ખમ્મા પરાગ શાહ, સોનલ મજમુદાર, શીતલ મકવાણા, બિજલ હરિયા, સુપ્રવા મિશ્રાનો સમાવેશ કરાયો છે. વડોદરામાંથી ઐશ્વર્યા વારદાર, ડૉ. સ્મૃતિ વાઘેલા, જામનગરના હિર બુચ, રાજકોટના પૂવી શેઠ, બારડોલીના ટ્વિશા વ્યાસ, સુરતના મનાલી નતાલી તેમજ ગાંધીધામના ધારા શાહનો સમાવેશ થાય છે.

# કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોગ પ્રશિક્ષણ સત્રનો આરંભ



ગાંધીનગર, તા. ૧૫

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ૨૧ જુને "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણીની પૂર્વ તૈયારી રૂપે સાત દિવસના યોગ પ્રશિક્ષણ સત્રનો પ્રારંભ પ્રો. એમ. સી. વાર્ષ્ણેય દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો. તા.૧૪ જૂનથી આરંભ પામેલું આ સત્ર તારીખ ૨૦ જૂન સુધી ચાલશે. આ યોગ પ્રશિક્ષણ સત્ર, કામધેનુ યુનિવર્સિટી તથા વિવેકાનંદ કેન્દ્ર, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ છે. પોતાના ઉદ્ઘાટન પ્રવચનમાં કુલપતિ પ્રો. એમ. સી. વાર્ષ્ણેયે યુવાનોને યોગને પોતાના દૈનિક જીવનનો ભાગ બનાવવા તથા સમાજમાં યોગનો મહત્તમ પ્રચાર પ્રસાર કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રશિક્ષણ સત્રમાં યુનિવર્સિટીના કર્મચારીઓ/અધિકારીઓ તથા વિદ્યાર્થીઓને વિવેકાનંદ કેન્દ્ર, અમદાવાદના સંગઠક લોકેશજી કેશરે દ્વારા ભારત સરકારના આયુર્વેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિધ્ધાંત તથા હોમીઓપેથી મંત્રાલય દ્વારા નિયત થયેલ કોમન યોગા પ્રોટોકોલની તાલીમ આપવામાં આવશે. આ તાલીમ બાદ આગામી ૨૧ જુને "વિશ્વ યોગ દિવસ"ના રોજ સવારે ૭.૦૦ કલાકે કામધેનુ યુનિવર્સિટી દ્વારા સામુહિક યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.





ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના અધ્યક્ષ નંદજી ઠાકોરે ફતેપુરા વારિગૃહ પ્રાથમિક શાળામાં આયોજિત પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં ભાગ લીધો હતો તથા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામોનું વિતરણ કર્યું હતું.

## ગુજરાતીઓએ
# અમેરિકાના ટૂરિસ્ટ વિઝા માટે ઓગસ્ટ સુધી રાહ જોવી પડશે

ગાંધીનગર, તા. ૧૫

અમેરિકન કોન્સ્યુલેટમાં અરજદારોનો ભારે ધસારો હોવાથી મુસાફરોને ઓગસ્ટ મહિના સુધી વિઝા માટે રાહ જોવી પડી રહી છે. ગુજરાતીઓ માટે મુંબઈ સ્થિત અમેરિકન કોન્સ્યુલેટ ફેવરેટ છે. ગુજરાતથી નજીક અને ફ્રેન્ડિલી વાતાવરણ હોવાથી મોટા ભાગે ગુજરાતીઓ મુંબઈથી વિઝા પ્રોસિજર કરતા હોય છે. બીજી તરફ અમેરિકન કોન્સ્યુલેટ દ્વારા વિઝા આપવાનો કોટો વધારવામાં આવ્યો છે તેમજ નિયમોમાં ઘણી રાહત આપી હોવાથી પણ મુસાફરોનો ધસારો વધ્યો છે. અમેરિકામાં ઘણા ગુજરાતી પરિવારો વર્ષોથી સ્થાઈ થયા છે તેથી સારા-ખરાબ પ્રસંગો અમેરિકામાં જ પતાવતા હોય છે. આવા પ્રસંગોમાં હાજરી આપવા ગુજરાતી પરિવારોને વિઝા મેળવવા ઉતાવળ હોય છે. બીજી તરફ ગુજરાતીઓ તેમજ ભારતીઓ માટે અમેરિકા ફરવા જવાની ઘેલચા પણ હોવાથી સ્વાભાવિક રીતે ત્યાં જવા માટે ઘસારો થઈ રહ્યો છે. અમેરિકન કોન્સ્યુલેટની ભારતમાં મુંબઈ ઉપરાંત દિલ્હી, ચૈન્નાઈ અને કોલકાતામાં ઓફિસ છે, પણ ગુજરાતીઓ મોટાભાગે મુંબઈ અમેરિકન કોન્સ્યુલેટનો ઉપયોગ કરે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે મુસાફરોને ૧૦-૧૫ દિવસની અંદર વિઝા મળવાનો અત્યાર સુધી ટ્રેન્ડ ચાલતો આવ્યો હતો, પણ એકાએક તેમાં વધારો થવા ગુજરાતીઓની અમેરિકા જવાની ગણતરી ખોટી પડી રહી છે. ગુજરાતી પરિવાર કોન્સ્યુલેટમાં ઈન્ટરવ્યૂ માટે ઈન્ટરપ્રિટરને પણ સાથે રાખતા હોય છે. જે અમેરિકન વિઝા ઓફિસર વચ્ચે દુભાષિયાનું કામ કરતા હોય છે. જોકે અંગ્રેજીમાં ઈન્ટરવ્યૂ આપનારાઓને ઝડપી વિઝા મળી રહ્યા છે. ખાસ કરીને ગુજરાતી ઈન્ટરવ્યૂઅર માટે ઓગસ્ટ સુધી આ વેઈટિંગ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. ઓગસ્ટ મહિના સુધી વેઈટિંગ ચાલતું હોવાથી વિઝા એજન્ટ હવે મુસાફરોને મુંબઈ અમેરિકન કોન્સ્યુલેટનો મોહ છોડી દિલ્હી, ચેન્નાઈ અને કોલકાતા જવા સમજાવતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

# ત્રીજો ફિલ્મફેર ઍવોર્ડ : ૧૯૫૫

## વૈજ્યંતિમાલા અભિનેત્રી તરીકે આવી ત્યારે નરગિસ-મધુબાલા-મીનાકુમારી-નલિન જયવંત વગેરે સિનેતારિકા હિન્દી ફિલ્મોમાં હતી

ગીત-સંગીતની દુનિયા
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ત્રીજા ફિલ્મફેર ઍવોર્ડમાં શ્રેષ્ઠ ફિલ્મનો ઍવોર્ડ નિર્માતા સુબોધ મુખરજીને ફિલ્મ જાગૃતિ માટે મળ્યો હતો. શ્રેષ્ઠ અભિનેતાનો ઍવોર્ડ દિલીપકુમારને બીજી વખત ફિલ્મ આઝાદ માટે મળ્યો હતો. શ્રેષ્ઠ અભિનેત્રીનો ઍવોર્ડ અભિનેત્રી કામિની કૌશલને ફિલ્મ બિરાજ બહુ માટે, શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો ઍવોર્ડ અભિનેતા અભિ ભટ્ટાચાર્યને ફિલ્મ જાગૃતિ માટે, શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો ઍવોર્ડ અભિનેત્રી નિરૂપા રૉયને ફિલ્મ મુનિમજી માટે, શ્રેષ્ઠ સંગીતકારનો ઍવોર્ડ હેમંતકુમારને ફિલ્મ નાગિન માટે તથા શ્રેષ્ઠ વાર્તાનો ઍવોર્ડ બીજી વખત પંડિત મુખરામ શર્માને ફિલ્મ વચન માટે આપવામાં આવ્યો હતો.

ફિલ્મ નાગિનમાં ગીતકાર તરીકે રાજેન્દ્ર કૃષ્ણ હતા. આ ફિલ્મમાં સંગીતકાર તરીકે હેમંતકુમાર હતા અને આ જ ફિલ્મમાં હેમંતકુમારના સંગીતકાર તરીકેની ટીમમાં કલ્યાણજી અને રવિ પણ સામેલ હતા. કલ્યાણજીએ ફિલ્મમાં બીન બજાવેલું અને રાતોરાત હેમંતકુમારની સાથે પ્રસિધ્ધિ મેળવી હતી. પછીથી કલ્યાણજીએ પોતાના ભાઈ આણંદજી સાથે ટીમ બનાવી અનેક ફિલ્મોમાં સંગીત આપ્યું.




સંગીતકાર રવિએ પણ સમય જતાં સંગીતકાર તરીકે અનેક ફિલ્મોમાં સંગીત આપ્યું.

૧૯૫૧ના વર્ષમાં 'બહાર' ફિલ્મથી હિન્દી ફિલ્મોમાં પ્રથમ વખત અભિનય કરનાર દક્ષિણ ભઆરતની તમિલભાષી અભિનેત્રી વૈજ્યંતિમાલાએ અનેક વર્ષો સુધી ટોચની અભિનેત્રી તરીકે સ્થાન જાળવી રાખ્યું હતું. વૈજ્યંતિમાલા અભિનેત્રી તરીકે આવી ત્યારે નરગિસ-મધુબાલા-મીનાકુમારી-નલિન જયવંત વગેરે સિનેતારિકા હિન્દી ફિલ્મોમાં હતી. પરંતુ વૈજ્યંતિમાલાના આવ્યા પછી નૂતન અને વહીદા રહેમાન જેવી સિનેતારિકાઓ પચાસના દાયકામાં જ આવી.

ફિલ્મ 'નાગિન'માં મન ડોલે, મેરા તન ડોલે.... જેવા ગીતે તે સમયે બિનાકા ગીતમાલા નામના રેડિયો કાર્યક્રમમાં ૧૯૫૪ અને ૧૯૫૫ના બે વર્ષ સુધી મહત્ત્વનું સ્થાન જાળવી રાખ્યું હતું.

પ્રસ્તુત છે કૃષ્ણદ્વારા લખાયેલું અને હેમંતકુમાર દ્વારા સ્વરબદ્ધ કરવામાં આવેલું લતા મંગેશકર દ્વારા ગવાયેલું ગીત :

મન ડોલે મેરા તન ડોલે
મેરે દિલ કા ગયા કરાર રે
કૌન બજાયે બાંસુરિયા...
મધુર મધુર સપનોં મેં દેખી
મૈને રાહ નવેલી
તોડ ચલી મૈં લાજ કા પહેરા
જાને કહાં અકેલી
ચલી મૈં જાને કહાં અકેલી
રસ ઘોલે, મન યું બોલે
જૈસે ઠંડી પડે ફુહાર રે
કૌન બજાયે બાંસુરિયા...
કદમ કદમ પર રંગ સુનહરા
યે કિસને બિખરાયા
નાગિન કા મન બસ કરને
યે કૌન સપેરા આયા
ન જાને કૌન સપેરા આયા
રસ ઘોલે, મન યું બોલે
તેરા હો કે રહા શિકાર રે
કૌન બજાયે બાંસુરિયા...

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**'મારા પ્રેમાળ પાડોશી'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે